RNI No. GUJGUJ/2011/44815

શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

VOL - 8 • ISSUE NO - 9 • 5th SEPTEMBER - 2020 • RETAIL PRICE : RS. 10/- • PAGE - 20





# શું આપણે નવા જગતના નિર્માણના કિનારે ઉભા છે ?

**વ્હાલા સૌ જ્ઞાતિજનો, વડીલો અને યુવા ભાઈ-બહેનો,**
**સૌને જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ**

કોવિડ-૧૯ કોરોના વાયરસ નામની વૈશ્વિક મહામારીએ છેલ્લા લગભગ છ મહિનાથી પૂરાય વિશ્વને પોતાના ભરડામાં લીધી છે ત્યારે વિશ્વની વ્યવસ્થાઓની ઘણી નબળાઈઓને આ વાયરસે ખુલ્લી પાડી દીધી. ક્રાઈસીસ કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રોમાં વિશ્વએ ભલે ઘણું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કર્યા, પણ આ વાયરસે વિશ્વમાનવને ઘરમાં આઈસોલેટ કરી દીધો . હવે પ્રશ્ન એ છે કે શું આ વાયરસ પરિવર્તન માટે નિમિત્ત બનશે? શુ આપણે એક નવા જગતના નિર્માણનાં કાંઠે આવીને ઉભા છે. એક નવા યુગ કે જે દુનિયાના ઈતિહાસનો માર્મિક બદલાવ કે માર્મિક ટર્નીંગ પોઈન્ટ મનાશે? કે પછી આ દુઃખદ સમય વિતી ગયા બાદ, સમગ્ર વિશ્વ એ રસ્તે પરત ફરશે જે પહેલા હતું? ચોક્કસ નહિ, બધું જ ડીફુરન્ટ હશે...

દેશનું અર્થતંત્ર, ધંધા, રોજગાર જીવનની ગાડી ફરી થી પાટે ચડે એ માટે સ્ટેપ વાઈઝ ધીમે ધીમે ચુસ્ત ગાઈડ લાઈન્સ દ્વારા છુટછાટો આપી અને અત્યારે આપણે અનલોક-૪ ના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે એક જોખમ, ખત્રો અને ચેલેન્જીસ ખૂબ છે. રોજના હવે ૮૦ થી ૯૦ હજાર કેસીસ આવી રહ્યા છે અને તજજ્ઞો કહે છે કે નવેમ્બરમાં આપણે ટોચ ઉપર હોઈશું અને તેથી સાવચેતી, કાળજી અને સલામતી પૂર્વકની જીવનશૈલી ખૂબ જ આવશ્યક છે. હવે જ આપણે આપણામાં બદલાવ જરૂર લાવવો પડશે. આ માટે સરકારી સૂચનાઓ જેવી કે માસ્ક, સોશિયલ ડિસ્ટન્ટ, સેનીટાઈઝર, ઈમ્યુનિટિ વધારવી વગેરે સરળ ઉપાયો છે, એતો આપણે અચૂક પાળવાના જ છે, પરંતુ મુખ્ય વાત આપણો આત્મવિશ્વાસ, ઈશ્વરમાં આસ્થા અને થોડોક સાવધાની પૂર્વક બદલાવ લાવવાની નિષ્ઠા - આ બધાનું સંયુક્ત પરિણામ આપણને આ મુશ્કેલીમાંથી બહાર લાવશે. ડરવાની જરૂર નથી. જીવનમાં દરેક દિવસો સરખા હોતા નથી. અને એમાય દુઃખ સામુહિક હોય ત્યારે સહ્ય બની જાય છે. એખ બીજાની હકું અને આશ્વાસન, સહકાર અને સહયોગ આપણને હિંમત અને આત્મવિશ્વાસ આપે છે.

આપણો દેશ ઋષીઓનો દેશ છે. આપણી સંસ્કૃતિ ત્યાગ ઉપર ઉભી છે. પરસ્પર પ્રેમ અને સેવા એ આપણી સંસ્કૃતિનો પ્રાણ છે. અને એના દર્શન છેલ્લા કેટલાક મહિનાઓમાં આપણે કર્યા. અનેક રસોડા ખુલી ગયા. અનેક લોકોએ હજારો ને લાખો લોકો સુધી અનાજ, દૂધ અને રાશનની કીટ પહોંચાડી. શાસક, પ્રશાસક, સેવા ભાવી સંસ્થાઓ, સેવાભાવી વ્યક્તિઓ, ડોક્ટર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીશ, સૈનિક, શિક્ષક, ધર્મ ગુરુ- આ બધા જ લોકો કેવા એકબીજાનો સહારો બન્યા! આપણા ધર્મના સંસ્કારો કેટલા મજબૂત છે એ આપણે જોયુ! ધર્મનું આ માનવતાપૂર્ણ દર્શન ધર્મના સૂર્યને તેજસ્વી બનાવે છે. કોરોના કાળની સેવાની આ સરવાણી અને માનવતાની માજવતમાં પુરાય દેશ અને વિશ્વમાં આપણા રઘુવંશીઓ પણ જોડાયા હતા તેનું આપણને ગર્વ છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પણ આ સેવા યજ્ઞમાં કુલ ૩૫૭૦ કીટનું વિતરણ અંદાજે **રૂ. ૨૬,૫૦,૦૦૦** લોકડાઉન વખતે કરાયું તેમજ સુરત ખાતે કાર્યરત શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટમાં રૂ. ૫,૧૧,૦૦૦ નું વ્યક્તિગત અનુદાન આપી તેઓની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરી. તેમજ શિક્ષણના યજ્ઞમાં, રઘુવંશીઓના આરોગ્યની સુખાકારી માટે સૌને ઓનલાઈન ટેકનોલોજીના માધ્યમથી મળીને આજ સુધીમાં **રૂ. ૩૧,૨૧,૨૦૦/-** ની સહાય રઘુવંશી પરિવારોને પહોંચાડવામાં સફળતા મળી છે તેનો આપણને આનંદ અને ગર્વ છે.

આ ઉપરાંત આ કપરા કાળમાં આપણા અસંખ્ય રઘુવંશી ભાઈઓ-બહેનોએ પોતાના જીવન કે પોતાના પરિવારની ચિંતા કર્યા વગર એક શુરવીરની જેમ બાહોસીપૂર્વક કોરોના યોદ્ધા તરીકે દિવસ રાત જે સેવા કરી જ્ઞાતિની પરંપરાને ઉજાગર કરી તે બદલ ભારત ભરના તેમજ વિદેશના આવા ૧૨૦૦ થી પણ વધુ કોરોના યોદ્ધાઓનું આપણે **"લોહાણા હિરોઝ"** તરીકે બહુમાન કરી સૌને ડિઝટલ વે થી પ્રશસ્તી પત્રો અર્પણ કરી તેઓની સેવા, સમર્પણ અને શૌર્યને બીરદાવી માતૃસંસ્થાએ પણ ધન્યતા અનુભવી. આપણી અસંખ્ય રઘુવંશી સંસ્થાઓ અને સવાભાવી શ્રેષ્ઠીઓ આ યજ્ઞમાં હજુ પણ પોતાની આહુતિઓ વિવિધ રીતે આપે છે તે સૌને ધન્યવાદ અને શુભેચ્છાઓ પાઠવી આભાર સાથે વંદન કરું છું. તો સાથે સાથે આ મહામારીની ઝપટમાં આવી તેનો ભોગ બનેલા અને પોતાનો જીવ ગુમાવેલ અસંખ્ય રઘુવંશીભાઈ-બહેનો તેમજ ભારત અને વિશ્વના એ સૌ દિવગંતોના પરિવાર પરત્વ આપણી સંવેદના વ્યક્ત કરી તેઓના આત્માની પર શાંતિ માટે હૃદયપૂર્વકની પ્રાર્થના કરું છું.

જ્ઞાતિજનો, દુનિયાભરના તજજ્ઞો પોતાના સંશોધનોના તારણ પરથી એવા નિષ્કર્ષ પર આવ્યા છે કે હજુ આ કપરો સમય કેટલો લાંબો ચાલશે તે નક્કી કરવું ઘણું અઘરું છે, તેની વેક્સીનના પ્રયોગા ચાલુ છે. આપણે આશા સાથે શ્રદ્ધા વ્યક્ત કરીએ કે જલદી વેક્સિન મળી જાય અને આપણે પહેલા જેવી લાઈફ જીવતા થઈ જઈએ. પણ અંતમાં એક વાતતો ચોક્કસ છે કે પોસ્ટ કોવિડ ઘણી બધી નવી રીતભાતો, જીવનશૈલી અને નવા જગતના નિર્માણ તરફ આપણને દોરી જાય તો નવાઈ નહી!!!

**પ્રવિણ કોટક,**
**પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ**

સપ્ટેમ્બર - 2020

માલિક
**શ્રી લોહાણા મહાપરિષદ**

પ્રકાશક : પ્રવિણ ટી. કોટક

તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના

મંત્રી : હરીશ બી. ઠક્કર

વિભાગીય સંકલક શ્રીઓ :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
દક્ષિણ-ભારત : ભરત ઠક્કર (કલીકટ)

માર્ગદર્શક શ્રીઓ :
યોગેશભાઈ લાખાણી
હીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org

લવાજમ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકના પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


માતૃસંસ્થાની અટારીએથી ........ ૨
વરણી સમિતિનો અહેવાલ ........ ૪
કારોબારી સમિતિનો અહેવાલ ........ ૬
શ્રી લોહાણા મહાપરિષદ.. સેવાના પગથારે ........ ૯
રાશન કીટનો અહેવાલ ........ ૧૬
શિક્ષણ અને આરોગ્ય સહાયનો અહેવાલ........ ૧૭
શ્રદ્ધા સુમન ........ ૧૯
સૌજન્ય જાહેરાત – શ્રી જે. ડી. ઠક્કર, અમદાવાદ ........ ૨૦


## સંબંધ

સંબંધ બાધવા એ લોન લેવા જેટલા સહેલા હોય છે,
અને સંબંધ નિભાવવા એ હપ્તા ભરવા જેટલા અઘરા હોય છે.

સંબંધ હોવાથી સંબંધ નથી બનતો, સંબંધ નિભાવવાથી સંબંધ બને છે.

જે સંબંધોમાં કદર ન થતી હોય ત્યાં થી વણાક લઈ લેવો કારણ કે
જેટલો સમય કરશો એટલા દુઃખી થશો.

ધનથી નહીં પણ મનથી ધનવાન બનવું,
કારણ કે મંદિરમાં ભલે સુવર્ણ ના કળશ લાગેલા હોય,

માથું તો પથ્થરના પગથિયાં પર જ નમાવુ પડે છે.

ભૂતકાળ અચૂક ભૂલી જજો પરંતુ એમાંથી મળેલી શિખામણ હંમેશા યાદ રાખજો.

સારા માણસોની એક ખરાબ આદત હોય છે, એ સંબંધને તોડતાં નથી ઓછા કરી નાંખે છે.

લોકોને મદદ કરવાનો ભાવ રાખજો, કુદરત નો નિયમ છે, જે કુવામાંથી લોકો પાણી પીતાં
હોય છે એ કુવો ક્યારેય સુકાતો નથી.

બદલો લેશો તો તેની ખુશી એકવાર મળશે અને
માફ કરશો તો એનુ ગર્વ આખી જિંદગી રહેશે.

દુઃખને ભોગવનાર સમય જતાં સુખી થાય છે,
પણ દુઃખને આપનાર ક્યારેય પણ સુખીના થઈ શકે.

જીવનમાં પૈસાની જરૂર દરેક જગા પર નથી પડતી પણ પુણ્યની જરૂર
દરેક જગા પર પડે છે. આપણો પ્રયત્ન કયો પૈસા વધારવા નો કે પુણ્ય વધારવા નો.

ભોળા માણસની હાય અને લાચાર માણસના આસુએ દુનિયાની સૌથી મોઘી પ્રોડક્ટ છે.
એનુ બીલ સીધું ઉપર વાળો જ ફાડે છે, બાકી કોઈની તાકાત નથી.

- પ્રવિણભાઈ કોટક



# શ્રી લોહાણા મહાપરિષદની વરણી સમિતિ દ્વારા વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકની આગામી ફરી પાંચ વર્ષ માટે પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી






રઘુવંશીઓની વૈશ્વિક સ્તરે કાર્યરત માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ યોજાયેલ મધ્યસ્થ મહાસમિતિની મિટિંગમાં સભાપ્રમુખ તથા પૂર્વ પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રી યોગેશભાઈ લાખાણીના નેતૃત્વ હેઠળ બંધારણના નિયમો મુજબ રચાયેલ વરણી સમિતિના નામોની જાહેરાત શ્રી મહેન્દ્રભાઇ ઘેલાણી દ્વારા કરવામાં આવી હતી. જે અનુસંધાને વરણી સમિતિની બેઠક શનિવાર તા. ૪ જાન્યુઆરી, ૨૦૨૦ રોજ શ્રી ખીમજી ભગવાન આરસીટી ભાગવત અતિથિ ભવન, સોલા ભાગવત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે યોજાઈ હતી. આ ઐતિહાસિક વરણી સમિતિની બેઠક દરમિયાન વર્તમાન પ્રમુખ શ્રી પ્રવીણભાઈ તલક્શીભાઈ કોટકની સર્વાનુમતે ફરી શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખપદે વરણી કરાઇ હતી.

કુલ ૨૭ સભ્યોની આ વરણી સમિતિની બેઠક દરમિયાન સમાજ અને સંસ્થાના હિત, પ્રગતિ તથા મૂળભૂત હેતુ સંગઠન અને બંધુત્વની ભાવનાને ધ્યાનમાં રાખી અને ગત વર્ષોમાં સમાજમાં થયેલ નોંધપાત્ર કાર્યો જેમાં સંગઠન, શૈક્ષણિક, વૈદ્યકીય, ધાર્મિક, યુવા, મહિલા સશક્તિકરણ તથા અન્ય વિશેષ કાર્યક્રમોને ધ્યાનમાં રાખી શ્રી પ્રવીણભાઇ કોટકની સર્વાનુમતે વરણી કરાઇ હતી.

આગામી સત્રમાં સમાજમાં વધુને વધુ સંગઠન અને બંધુત્વની ભાવનાને ધ્યાનમાં રાખી સમસ્ત વરણી સમિતિના હોદ્દેદારોએ વર્તમાન પ્રમુખશ્રી પ્રવીણભાઈ કોટકને વિનંતી કરતાં જણાવ્યું હતું કે સમાજ અને સંસ્થાને આપની હજી જરૂર છે, આપના બહોળા અનુભવ અને કુશળ નેતૃત્ત્વની જરૂર છે. આવા વિનમ્ર લાગણીસભર ભાવ અને નિવેદનથી સમાજના હીતને ધ્યાનમાં રાખી વરણી સમિતીએ સર્વાનુમતે આખરે અનુમોદન આપી સૌની વિનંતી સ્વીકારતા શ્રી પ્રવિણભાઈ કોટકે જણાવ્યું હતું કે વરણી સમિતિ એક જ્ઞાતિગંગા સમાન પવિત્ર સમુહ છે જે સમસ્ત મહાજન તથા વિવિધ રઘુવંશી સંસ્થાઓના પદાધિકારી અને મહાનુભાવોનો એક વિશેષ સમુદાય છે, જેની લાગણી અને નિવેદનને સંત શિરોમણી શ્રી જલારામબાપાનો પ્રસાદ અને સમસ્ત રઘુવંશના આશીર્વાદ સમજી સ્વીકારું છું આ ઐતિહાસિક બેઠકમાં









વર્તમાન અને નવા વરાયેલ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક ઉપરાંત શ્રી લોહાણા મહાપરિષદના પૂર્વ પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી તથા શ્રી યોગેશભાઈ લાખાણીનું વક્તવ્ય અને માર્ગદર્શન ખૂબ જ નોંધનીય રહ્યું હતું. પોતપોતાના પ્રમુખપદના કાર્યકાળ દરમ્યાનના અનુભવની વિસ્તૃત જાણકીરી અને રજૂઆત તેઓએ સભા સમક્ષ મૂકી સૌને માર્ગદર્શન આપ્યું હતું. વરણી સમિતિના સભ્યોમાંથી શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી સતીષભાઈ વીઠ્ઠલાણી, શ્રી કે. સી. ઠક્કર, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પ્રમોદભાઈ પટેલીયા, શ્રી પરેશભાઈ ભુપતાણી, શ્રી પીયુષભાઈ ગંઠા, શ્રી નીતીનભાઈ પાંધી અને શ્રી નવીનચંદ્રભાઈ રવાણીએ માતૃસંસ્થાના હિત માટેના વિચારો, આયોજનો અને નિર્ણયોને બીરદાવતા તેઓએ સભાના અંતે શ્રી પ્રવીણભાઈ કોટકને અભિનંદન અને શુભેચ્છાઓ આપી હતી. આ બેઠકમાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા બેઠકની શરૂઆત કરતાં સૌને આવકાર્યા હતા અને સૌ ઉપસ્થિત સભ્યોવતી સકારાત્મક અભિગમ દ્વારા શ્રી પ્રવીણભાઈ કોટકને વિનંતી કરી પોતાના સંક્ષિપ્ત વક્તવ્યમાં સૌનું અભિવાદન કર્યું હતું.

વરણી સમિતિના સભ્ય તથા સમાજના વડીલ તથા મુરબ્બીશ્રીઓ પ્રવીણભાઈ કોટકની વરણીને સાર્થક ગણાવી  સમાજ સંગઠન અને જ્ઞાતિહીત માટે વિશિષ્ટ દ્રષ્ટાંતો દ્વારા સૌને જ્ઞાન પીરસ્યું હતું ત્યારબાદ શ્રી હિમાંશુભાઈ ઠક્કર, મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા, ખજાનચી શ્રી નીતિભાઈ પાંધી, શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી સતીશભાઈ વીઠલાણી, શ્રી અજયભાઈ વડેરા, શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી હેમંતભાઈ કાથરાણી વગેરેએ પોતપોતાના વિચારો અને મંતવ્યો સભા સમક્ષ મૂકી પ્રવીણભાઈ કોટકને શુભેચ્છાઓ અને અભિનંદન આપ્યા હતા.

આ મિટિંગમાં ઉપસ્થિત અન્ય વરણી સમિતીના સભ્યોમાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર,  પૂર્વ પ્રમુખ/ટ્રસ્ટી શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી, પૂર્વ પ્રમુખ/ ગવર્નર/ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર/ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી નવીનચંદ્રભાઈ રવાણી, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, મંત્રી શ્રી પીયૂષભાઈ ગંઠા, ખજાનચી શ્રી નીતીભાઈ પાંધી, શ્રી ઠાકોરભાઈ ઠક્કર (વિભાગીય ઉપપ્રમુખ ગુજરાત), શ્રી જીતુભાઈ ઠક્કર (વિભાગીય ઉપપ્રમુખ મુંબઈ સહ મહારાષ્ટ્ર), શ્રી હેમંતભાઈ કાથરાણી-ભૂવનેશ્વર (પ્રભારી, ઉત્તર-પૂર્વ વિભાગ), શ્રી નરેન્દ્રભાઈ દાવડા-નાગપુર (વિભાગીય ઉપપ્રમુખ વિદર્ભ સહ મધ્ય ભારત), શ્રી કે.સી. ઠક્કર-ગાંધીધામ (વિભાગીય ઉપપ્રમુખ કચ્છ) શ્રી મુકેશભાઈ સાગલાણી (વિભાગીય ઉપપ્રમુખ દક્ષિણ ભારત), શ્રી વિનુભાઈ  ઓંધિયા (વિભાગીય ઉપપ્રમુખ ઉત્તર-પૂર્વ ભારત), શ્રી અજયભાઈ વડેરા (રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ), જ્ઞાતિશ્રેષ્ઠી શ્રી પ્રમોદભાઈ પટેલીયા, શ્રી સતિષભાઈ વિઠલાણી, શ્રી મુકેશભાઈ પુજારા-રાપર, શ્રી નવીનભાઈ કાનાબાર-આફ્રિકા, શ્રી અશ્વિનભાઈ ઠક્કર-કોઈમ્બતૂર, શ્રી પોપટભાઈ અખાણી-ભાભર વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ શ્રી પ્રવીણભાઈ કોટકને અભિનંદન આપ્યા હતા. મંત્રી શ્રી પીયૂષભાઈ ગંઠાએ સૌ ઉપસ્થિત મહાનુભાવોનો આભર માન્યો હતો.



- પિયુષ જી. ગંઠા, મંત્રી



# શ્રી લોહાણા મહાપરિષદની કારોબારી સમિતિની બેઠક તા. ૧-૭-૨૦૨૦ના રોજ ઝુમ એપ પર ઓનલાઇન સફળતા પૂર્વક યોજાઈ ગઈ.








શ્રી લોહાણા મહાપરીષદની કારોબારી સમિતિની બેઠક તેમજ નવરચના પામેલ મધ્યસ્થ મહાસમિતિની બેઠક તા. ૩૦-૩૧ મે, ૨૦૨૦ના રોજ મુંબઈ ખાતે રાખેલ, પરંતુ કોરોના માહામારીના કારણે તે બેઠક મુલતવી રાખવી પડી હતી તે અંગે તમામ સભ્યોને સમયસર જાણ કરી દેવામાં આવી હતી.

વિશ્વભરમાં કોરોના વાઈરસ મહામારી સૌની ધારણા કરતા વધુ લાંબી ચાલતા સરકારશ્રીના આદેશ અનુસાર અત્યારના સંજોગોમાં કોઈ પણ રાજકીય, ધાર્મિક કે સામાજિક સભા કે મેળાવડા યોજવા પર પ્રતિબંધ છે. આ સંજોગમાં અન્ય કોઈ વિકલ્પ ના રહેતા નામદાર સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે ટેક્નોલોજીના માધ્યમથી ઝૂમ એપ પર રાખવામાં આવી હતી. તમામ કારોબારી સભ્યોને માહિતગાર કરવા સાથે જો કોઈ સભ્ય સંજોગો વસાત જોડાઈ ન શકે તો તેમણે અગાઉથી શ્રી લોહાણા મહાપરિષદને ઈ-મેલ અથવા પત્રથી જાણ કરવા માટે જણાવી દેવામાં આવ્યું હતું.




શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા માતૃસંસ્થાની કારોબારી સમિતિની મીટીંગ બુધવાર તા. ૧ જુલાઈ, ૨૦૨૦ના રોજ ઝૂમ એપ પર બપોરે ૩:૩૦ કલાકે રજીસ્ટ્રેશન બાદ સાંજે ૪:૦૦ કલાકે શરૂ થઈ. જે દરમ્યાન લગભગ ૧૦૦ આસપાસ કારોબારી સભ્યોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન પૂર્ણ થઈ ગયું હતું. મીટીંગની શરુઆત રઘુવંશી ધ્વજવંદન ગીત સાથે કરવામાં આવી હતી. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રીશ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા મીટીંગની શરુઆત કરવામાં આવી તથા પ્રારંભમાં ઝૂમ એપ પર મીટીંગ કેમ રાખી તે વિષે તમામ સભ્યોને ટૂંકમાં સમજણ આપવામાં આવી અને ત્યારબાદ દિવંગતોને શ્રદ્ધાંજલિ અને શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો. ત્યારબાદ તા. ૨૮-૨૯ ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ ગોંદીયા મુકામે મળેલી ગત કારોબારી સમિતિ બેઠકની મિનિટ્સનું વાંચન કરી તેની બહાલી લેવામાં આવી.




મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા આગામી વર્ષ ૨૦૨૦-૨૦૨૫ માટેના આગામી સમયગાળા માટે બંધારણની જોગવાઈઓ મુજબ રચાયેલ મધ્યસ્થ મહાસમિતિની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના કારણે સમાજના પરિવારોને થતી હાલાકીમાં સમાજને કેવી મદદ કરી શકીએ તે અંગે ચર્ચા અને માતૃસંસ્થા દ્વારા આ મહામારીમાં જરુરિયાતમંદ પરિવારો માટે થયેલ સરાહનીય કાર્યોની વિગતો આપવામાં અવી હતી.






સમારંભમાં માતૃસંસ્થાના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા પ્રસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં કોરોના મહામારીના કારણે નવી મધ્યસ્થ મહાસમિતિની મીટીંગ બોલાવી શકાય તેમ ના હોવાથી ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર દ્વારા બંધારણમાં લખેલ નિયમ અને કોલમ મુજબ વર્તમાન કારોબારીને સમય અને સંજોગ તથા કાયદા અનુસાર અનુકુળ ના થાય ત્યાં સુધી (ઓછામાં ઓછા છ મહિના અને વધુ સમય લાગે તો તે મુજબ) યથાવત રાખવાનો પ્રસ્તાવ મુક્યો હતો, જેને ઉપસ્થિત મોટા ભાગના સભ્યોએ કોઈ પણ જાતના વાંધા કે વિરોધ વિના સ્વીકાર કર્યો હતો.






આ સમયે પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી યોગેશભાઈ લાખાણી, પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી, નામાંકિત સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણી, ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભુપતાણી, ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર, ટ્રસ્ટી શ્રી વીણાબેન પાંધી, ટ્રસ્ટી શ્રી નિતીનભાઈ રાયચુરા, શ્રી પિયુષભાઈ ગંઠા, શ્રી નિતીનભાઈ પાંધી, શ્રી ચંદ્રકાન્તભાઈ તન્ના, શ્રી અજયભાઈ વડેરા, સુશ્રી નીમાબેન આચાર્ય, શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી જનકભાઈ ઠક્કર, શ્રી ધનવાનભાઈ કોટક, શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી ઠાકોરભાઈ ઠક્કર, શ્રી કે.સી. ઠક્કર, શ્રી હેમંતભાઈ કાથરાણી જેવા વગેરે મહાનુભાવો ઓનલાઈન ઉપસ્થિત હતા.

મીટીંગની સમાપન પહેલા શ્રી લોહાણા મહાપરીષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે સંપૂર્ણ હકારાત્મક અને સકારાત્મક વક્તવ્ય આપ્યું હતું જેમાં તેમણે પોતે ફરીવાર પ્રમુખ બનવા નહોતા માંગતા તેવી નિખાલસ વાત કરી હતી અને વરણી સમિતિએ સંપૂર્ણ બહુમત સાથે કેવી રીતે ફરી પ્રમુખ માટે નામ પસંદ કર્યું તે અંગે વાત કરી હતી, આગામી સમયમાં તમામ ભેદભાવ ભૂલી, એક સંપ થઈ, સૌને સાથે રાખી આગળ વધવા તેમણે અપીલ કરી હતી. જેને ઉપસ્થિત તમામ સભ્યોએ માનભેર વધાવી હતી. આ ઉપરાંત શ્રી પ્રવિણભાઈ કોટક જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ કલાકથી આ ઓનલાઈન સભા ચાલે છે, ઘણો સમય લાંબો થયો છે તેથી જો ન ઉપસ્થિત સભ્યો માંથી કોઈને પણ પોતાની કોઈ લાગણી કે નિવેદન આપવાની ઈચ્છા હોય તો આ મિટિંગ પૂરી થયા બાદ રૂબરૂમાં અથવા લેખીતમાં આપવા વિનંતી કરી સભાને પરિપૂર્ણ કરવાની જાહેરાત કરી હતી. આ સમગ્ર ઝુમ એપ યોજાયેલ કારોબારી મીટીંગનું સંચાલન મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કરે કર્યું હતું.



**- હરીશ બી. ઠક્કર, મંત્રી**


શ્રી લોહાણા મહાપરિષદ
શ્રી સૂર્યવંશી વિજયરથ




# શ્રી લોહાણા મહાપરિષદ... સેવાના પગથારે



શ્રી લોહાણા મહાપરિષદ એટલે વિશ્વના સમગ્ર રઘુવંશીઓની માતૃસંસ્થા. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની મધ્યસ્થ મહાસમીતીની બેઠક તા. ૪ જુલાઈ, ૨૦૧૫ ના રોજ યોજવામાં આવી, માતૃસંસ્થાના વિદાય લેતા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ શ્રી પ્રવિણભાઈ કોટકને નવનિયુક્ત પ્રમુખ તરીકેનો ચાર્જ ધ્વજ અર્પણ કરી અને વિધિવત રીતે સોંપ્યો. નવનિયુક્ત પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકનો પદનિયુક્ત તથા સત્કાર સમારંભ ભવ્યાતિભવ્ય રીતે તા. ૫ જુલાઈ, ૨૦૧૫ ના રોજ અમદાવાદના ખાતે યોજાયો, દેશ વિદેશથી ૩૦૦૦ થી વધુ સમાજ શ્રેસ્ઠીઓએ હાજરી આપી. પૂજનીય સંતો - મહંતોએ આશીર્વાદ પાઠવ્યા અને દેશ વિદેશમાંથી પધારેલા રઘુવંશીઓ તથા સમાજના વિધિવિધ ક્ષેત્રોના મહાનુભાવોએ શ્રી પ્રવિણભાઈ કોટકને શુભકામનાઓ પાઠવી, સાંજે ઈસ્કોન મેગા મોલ ખાતે માતૃસંસ્થાના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ગાટન કરાયું.



સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ છેલ્લા કેટલાય દસકાઓથી અનેક કર્મનિષ્ઠ અને સમર્પિત કાર્યકર્તાઓ, વડીલો, સમાજસેવકો અને દાતાઓ થકી વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓથી ગતિશીલ છે. માતૃસંસ્થાના વર્તમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકના કાર્યકાળના પાંચ વર્ષમાં અમદાવાદ સ્થિત માતૃસંસ્થાના મધ્યસ્થ વહીવટી કાર્યાલય સાથેના સંકલનથી દેશ અને વિદેશમાં જ્ઞાતિસેવાના કાર્યો અને સંગઠન માટેની પ્રવૃત્તિઓ જે રીતે સતત ચાલતી રહે છે તે માતૃસંસ્થા સાથે સીધા સંકળાયેલા દેશ વિદેશના સમાજશ્રેષ્ઠીઓની માતૃસંસ્થા પ્રત્યેની એકતા અને સંગઠનના દર્શન કરાવે છે.





અંદાજે ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને સ્થાનિક મહાજનશ્રીઓના ૩૦ ટકા સહયોગથી સ્વ.રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત શ્રી પ્રતાપભાઈ દત્તાણી દ્વારા રૂ. ૧ કરોડની ધનરાશિ સંકલ્પિત કરી તેમજ રાજકોટના શ્રી ધીરુભાઈ જીવરાજાણીએ અદ્વિતિય સહયોગ આપી સ્કોલરશિપ યોજનાને સફળતાપૂર્વક વહન કરાવવામાં માધ્યમ બન્યા છે. દર વર્ષે આ યોજના અંતર્ગત કરોડો રૂપિયાની ધનરાશિ માતૃસંસ્થાની પ્રસાદીરૂપે હજારો પરિવારોમાં સંલગ્ન મહાજનશ્રીઓના સંકલન અને સહયોગથી પહોંચાડવામાં આવે છે.

છેલ્લા વર્ષોમાં સમગ્ર સમાજમાં શિક્ષણનું સ્તર સારા એવા પ્રમાણમાં ઊંચું ગયું છે, કચ્છના સમાજશ્રેષ્ઠી શ્રી કે. સી. ઠક્કર દ્વારા માધવ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ અંતર્ગત રૂા. ૧ કરોડની ધનરાશિ સંકલ્પિત કરી તેજસ્વી વિદ્યાર્થીઓને વિશેષ આર્થિક સહાય માટે માધ્યમ બન્યા છે ત્યારે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહન મળે તે માટે રૂા. ૧ લાખની મર્યાદામાં માતૃસંસ્થા દ્વારા માતબર રકમ દર વર્ષે જરૂરિયાતમંદ પરિવારોના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ફાળવવામાં આવે છે.








સમાજના તમામ જરૂરિયાતમંદ અને સંઘર્ષપૂર્ણ જીવન જીવતા પરિવારોના આરોગ્ય માટે વિશેષ રીતે ચિંતિત રહી સ્વ.શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત માતૃસંસ્થાના પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક પરિવાર દ્વારા રૂા. ૧ કરોડની ધનરાશિ સંકલ્પિત કરી આરોગ્ય સહાયને અવિરત રાખવામાં માધ્યમ બન્યા છે ત્યારે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રૂા. ૧ લાખની મર્યાદામાં માતૃસંસ્થા દ્વારા માતબર રકમ આરોગ્ય સહાય માટે ફાળવવામાં આવે છે.






અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલ સુપ્રસિદ્ધ ભાગવત વિદ્યાપીઠના સંકુલમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, સક્રિય હોદ્દેદારો તથા દાતાશ્રીઓના સાથ સહકારથી શ્રી ખીમજી ભગવાન ભાગવત આર.સી.ટી. અતિથિ ભવન નવીનીકરણ પામી લોહાણા જ્ઞાતિ તેમજ સમગ્ર વૈષ્ણવ સમાજ માટે ખૂલ્લું મૂકાયેલ છે. શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ મુંબઈ દ્વારા પ્રાપ્ત થયેલ મુખ્ય દાન રૂ. ૧.૫૧ કરોડની રકમને અનુસંધાને આ અતિથિ ભવન ખાતે ઘોઘા વિસ્તારના ભેખધારી અને સમાજશ્રેષ્ઠી શ્રી પૂ.ખીમજી બાપાનું નામ જોડવામાં આવેલ છે. પૂ.કૃષ્ણશંકર દાદાજીની આ ચેતનભૂમિ એવી ભાગવત વિદ્યાપીઠના રમણીય સંકુલમાં સુંદર હવેલી દર્શન, ગૌશાળા, સત્સંગ હોલ, આયુર્વેદિક દવાખાનું તથા અન્ય આકર્ષણોની સાથે સાથે આ અતિથિ ભવનથી આ સંકુલની રમણીયતામાં વધારો થયો છે. અંદાજીત રૂા. ૪ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ અતિથિ ભવનમાં ૪૦ જેટલા રૂમો, બેન્કવેટ હોલ, કોન્ફરન્સ રૂમ તથા પાર્ટી પ્લોટ ખૂબ જ વ્યાજબી દરે સમાજ માટે ખુલ્લા મુકાયા છે. ફક્ત રૂા. ૯૫૦/- ના દરે હોટેલની કક્ષાના સંપૂર્ણ સગવડ સાથેના રૂમ સદ્ઉપયોગ માટે ખુલ્લા મુકાયા છે. મેડિકલ સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે મહાજનશ્રીનો ભલામણ પત્ર સાથે હોય તો આવી સગવડ વિનામૂલ્યે આપવામાં આવે છે.

















માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા કરવામાં આવતી શિક્ષણ, આરોગ્ય તેમજ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને ગતિશીલ બનાવવા માટે શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, શ્રી રઘુકુળ શિક્ષણ નિધિ, શ્રી રઘુકુળ આરોગ્ય નિધી, શ્રી રઘુકુળ કૌશલ્ય નિધી તથા અમદાવાદના સમાજશ્રેષ્ઠી શ્રી ધર્મેશભાઈ હરિયાણી દ્વારા મળી રહેલા અભૂતપૂર્વ સહકારથી આ સેવાકીય યોજનાઓને વ્યાપક બનાવવા હરહમેંશ મદદરૂપ થયા છે.







થેલેસેમિયા મેજર નામની મહાભયાનક બિમારીને સમગ્ર સમાજમાંથી જાકારો આપવામાં શ્રી લોહાણા મહાપરિષદને મહદ્અંશે મળેલી સફળતા મળી છે. માતૃસંસ્થા દ્વારા તમામ સભ્યોને લગ્ન સંબંધ પહેલાં થેલેસેમિયા રક્ત પરિક્ષણ અવશ્ય કરાવવા માટે તમામ મહાજનશ્રીઓના માધ્યમથી અપીલ કરવામાં આવે છે એટલું જ નહીં આ પરીક્ષણનો તમામ ખર્ચ પણ ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત સમાજમાં જન્મી ચૂકેલા થેલેસેમિયા મેજર બાળકોને સારવાર માટે આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવે છે. આજ દિન સુધી લાખો રૂપિયા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા થેલેસેમિયા નાબૂદી અભિયાન માટે શ્રેષ્ઠીઓના સહકારથી ફાળવવામાં આવેલ છે.







રમતગમત સમિતિ થકી દર વર્ષે મુખ્ય દાતા શ્રી હેમંતભાઈ કાથરાણી પરિવાર દ્વારા માતુશ્રી પાર્વતીબેન નરશીદાસ કાથરાણી આંતરરાષ્ટ્રીય રઘુવંશી ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજનથી યુવાધનને સંગઠિત કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવે છે.



વાત્સલ્ય સમિતિ દ્વારા સ્થાપિત મહાજનો તથા સંસ્થાઓને ફક્ત રૂા. ૫૧૦૦/- ના ટોકન દરે આકસ્મિક બીમારીમાં જરૂરિયાતવાળી ચીજવસ્તુઓની અંદાજિત રૂા. ૨૫,૦૦૦/- ની કીટ આપવામાં આવે છે.










શિક્ષણ સમિતિ દ્વારા આર્થિક સહાય ઉપરાંત કેરીયર ગાઈડન્સ માટે દર વર્ષે જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.





લગ્ન વિષયક સમિતિ દ્વારા પણ ચોટીલા તેમજ મુંબઈ ખાતે યોજાયેલ કાર્યક્રમોને મળેલો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે.







પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષારોપણ અને કેળવણીલક્ષી અનેક વિષયો ઉપર સતત પ્રવૃત્તિશીલ સમગ્ર ટીમ રહી છે.








માતૃસંસ્થાના મહિલા વિભાગ દ્વારા તમામ વિભાગોમાં સતત ચાલુ રહેતા મહિલા
ઉત્કર્ષ અને જાગૃતિ માટેના વિવિધ કાર્યક્રમો યોજવામા આવેલ છે.






સમાજના પ્રોફેશનલ સભ્યોને સંકલિત કરવા પ્રોફેશનલ સમિતિ દ્વારા 'લોહાણા કનેક્ટ' પ્રોજેક્ટ દ્વારા સૌને સંકલિત
કરવાનો નમ્ર પ્રયાસ કરાયો છે ઉપરાંત દર વર્ષે બજેટલક્ષી માર્ગદર્શક પરિસંવાદનું પણ આયોજન કરવામાં આવે છે.






આંતરરાષ્ટ્રીય રઘુવંશી એવોર્ડની શૃંખલાના માધ્યમથી રઘુવંશ માટે ગૌરવરૂપ રઘુવંશી રત્નોને સન્માનવા
માટે તેમજ અન્ય લોકો માટે પ્રેરણારૂપ બને તેવા આંતરરાષ્ટ્રીય એવોર્ડ સમારોહનું દર વર્ષે નિયમિત રીતે આયોજન.



















માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની નિયમિત રીતે યોજાતી કારોબારી તેમજ મધ્યસ્થ મહાસમિતિની બેઠકો ઉપરાંત દેશ-વિદેશમાંથી આવી રહેલા રઘુવંશીઓની એકબીજા સાથે આત્મીયતા વધે અને વિચારોનું આદાનપ્રદાન થાય તેવા શુભ આશયથી વર્ષ ૨૦૧૬ માં કમીજલા મુકામે પૂ. મોરારી બાપુની હાજરીમાં લગભગ ૩૦૦૦૦ જેટલા રઘુવંશીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય રઘુવંશી સંમેલન, જામનગર મુકામે યોજાયેલ હાલાર રઘુવંશી સંમેલન, રાષ્ટ્રીય તેમજ આંતરાષ્ટ્રીય યુવા સંમેલનો, વર્ષ ૨૦૧૭ માં માતૃગયા તીર્થ સિધ્ધપુર મુકામે યોજાયેલ માતૃવંદના મહોત્સવ તથા વર્ષ ૨૦૧૬ માં નાસિક મુકામે તેમજ વર્ષ ૨૦૧૮ માં વૈષ્ણોદેવી મુકામે મળેલ હોદ્દેદારશ્રીઓની ચિંતન બેઠકો, વર્ષ ૨૦૧૯ માં દુબઈ મુકામે યોજાયેલ ગ્લોબલ લોહાણા કન્વેન્શન સૌ માટે પ્રેરક બની રહ્યા. માતૃસંસ્થા સ્થાપિત ભારતના ૭ અને વિદેશના ૬ એમ કુલ ૧૩ વિભાગના ઉપપ્રમુખશ્રીઓના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ સ્થાનિક કાર્યક્રમોનું પણ આયોજન થતું રહે છે. માતૃસંસ્થાની તમામ સ્થાયી સમિતિઓના અધ્યક્ષશ્રીઓ દ્વારા પણ સમયાંતરે સમિતિની કાર્યકારિણીની બેઠકનું આયોજન થતું રહે છે.




































# માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની નિયમિત રીતે યોજાતી કારોબારી તેમજ મધ્યસ્થ મહાસમિતિની બેઠકોની તસવીરી ઝલક.


























**Lt. Shri Talakshibhai Dalchharam Kotak Charitable Trust Ration Kit Help Detail**

| Sr No. | Name | Kit | Total Rs |
|---|---|---|---|
| 1 | Rajkot | 551 | 250000 |
| 2 | Shapur Sorath | 9 | 6750 |
| 3 | Upleta | 11 | 8250 |
| 4 | Bhanvad | 18 | 13500 |
| 5 | Dhoraji | 38 | 28500 |
| 6 | Bhayavadar | 10 | 7500 |
| 7 | Gondal | 35 | 26250 |
| 8 | Jetpur | 120 | 90000 |
| 9 | Surajkaradi | 118 | 88500 |
| 10 | Dwarka | 192 | 144000 |
| 11 | Junagadh | 180 | 135000 |
| 12 | Maliya Hatina | 15 | 11250 |
| 13 | Bhuj | 250 | 187500 |
| 14 | Bhachau | 55 | 41250 |
| 15 | Rapar | 35 | 26250 |
| 16 | Nakhtrana | 70 | 52500 |
| 17 | Anjar | 125 | 93750 |
| 18 | Thara | 52 | 39000 |
| 19 | Shami | 4 | 3000 |
| 20 | Sidhpur | 11 | 8250 |
| 21 | Keshod | 81 | 60750 |
| 22 | Bhabhar | 24 | 18000 |
| 23 | Disa | 72 | 54000 |
| 24 | Okha | 40 | 30000 |
| 25 | Diyodar | 52 | 39000 |
| 26 | Gandhidham | 69 | 51750 |
| 27 | Varahi | 28 | 21000 |
| 28 | Mandavi | 25 | 18750 |

વિશ્વ મહામારી કોરોના કાળમાં ભારત સરકાર દ્વારા જ્યારે સૌપ્રથમ લોકડાઉનની જાહેરાત કરવામાં આવી તેના પ્રથમ જ સપ્તાહમાં સમાજ માટે ચિંતિત રહી સ્વ.શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત માતૃસંસ્થાના પ્રમુખ સેવક શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક પરિવાર દ્વારા રાશન કીટની જાહેરાત કરી જરૂરીયાતમંદ રઘુવંશી પરિવારોને વિભાગીય ઉપપ્રમુખશ્રીઓ સાથે યોગ્ય સંકલન કરી સ્થાનીક મહાજનશ્રીઓને સાથે રાખી રાશનકીટની વ્યવસ્થા કરવામા આવેલ.

આ ઉપરાંત પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા આ કપરા સમયમાં પોતાના અમદાવાદ ખાતે આવેલ ઈસ્કોન મેગા મોલને સેલ્ટર હોમ બનાવી કુલ ૧૦૦૦ જેટલા શ્રમિકો માટે ખાવા પીવા માટેની વ્યવસ્થા કરી આપવામાં આવેલ. તદ્‌ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા થઈ રહેલ સેવા કાર્યોમાં પણ શ્રી પ્રવિણભાઈ કોટક પરિવાર દ્વારા અનન્ય સહયોગ આપવામાં આવેલ છે. વધુમાં સુરત જિલ્લામાં શ્રી ધનવાનભાઈ કોટક દ્વારા સતત ચાલી રહેલા સેવાયજ્ઞમાં શ્રી જલારામ સેવા ટ્રસ્ટને રૂ. ૫ લાખનું વ્યક્તિગત અનુદાન આપી સહાય કરવામાં આવી હતી.

અત્યાર સુધીમાં બાજુમાં જણાવેલ મુજબ મહાજનોને તથા આ સિવાય ગુજરાત વિભાગમાં નાના મોટા ગામોમાં મળી કુલ ૩૫૭૦ જેટલી રાશનકીટની સેવા કરવામાં આવી છે.

- હિંમતભાઈ કોટક, ખજાનચીશ્રી

## પ્રમુખ સેવકશ્રી પ્રવિણભાઇ કોટકના નેતૃત્વ હેઠળ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સમાજના જરૂરિયાતમંદ પરિવારોને આરોગ્ય તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે ટેકનોલોજીના માધ્યમથી વિડીયો કોન્ફરન્સ દ્વારા ઇન્ટરવ્યુ લઈ સહાય આપવામાં આવી

આપ સૌ જાણો છો તેમ શ્રી લોહાણા મહાપરિષદ અનેકવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃતિઓથી સતત ગતિશીલ છે ત્યારે દરેક પ્રદેશ અને વિભાગમાંથી સમાજના દરેક અંગ જ્ઞાતિ ઉત્કર્ષ માટે સંકલ્પિત બને તે અપેક્ષિત છે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા સમયાંતરે આર્થિક રીતે જરૂરીયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ તેમજ જરૂરીયાતમંદ પરિવારોને આરોગ્ય સહાય વિશ્વ મહામારી કોરોનાના કપરા સમય વચ્ચે પણ સતત ચાલુ જ છે.

માતૃસંસ્થા દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે માધવ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ અંતર્ગત કચ્છના સમાજ શ્રેષ્ઠી શ્રી કે.સી. ઠક્કર મુખ્ય દાતા તરીકે રૂ. ૧ કરોડની ધનરાશી સંકલ્પિત કરેલ છે તેમજ આરોગ્ય માટે શ્રી તલકશીભાઈ દલછારામ કોટક ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત શ્રી પ્રવીણભાઈ કોટક પરિવારે રૂ. ૧ કરોડની ધનરાશી સંકલ્પિત કરેલ છે અને શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અમદાવાદના શ્રી ધર્મેશભાઈ હરીયાણીના આર્થિક સહયોગથી આ સેવાકીય પ્રવૃતિઓ અવિરત પણે ચાલુ જ છે.

આપ સૌ જાણો છો તેમ હાલના કપરા સમયગાળામાં સોશિયલ ડીસ્ટંસિંગ એક માત્ર ઉપાય હોવાના કારણે ભારતભરની શાળા તથા કોલેજો સંપૂર્ણ રીતે બંધ છે પરંતુ આ શાળા અને કોલેજો વિદ્યાર્થીઓને પણ ઓનલાઈન એજ્યુકેશન પુરી પાડી રહી છે અને વિદ્યાર્થીઓને પણ ફી ભરવા માટે જણાવી રહી છે. જે અનુસંધાને માતૃસંસ્થા દ્વારા પણ ઉચ્ચ શિક્ષણ સહાય તથા આરોગ્ય સહાય માટે ખાસ ઓનલાઈન વિડીયો કોન્ફરન્સ મારફતે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા.

તા. ૯ જુલાઈ, ૨૦૨૦ ના રોજ ભારતભરમાંથી આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી સાવરકુંડલા, ગોંડલ, રાજકોટ, ભાટીયા (દ્વારકા) તેમજ ગુજરાત વિભાગમાંથી વારાહી, વિરમગામ અને ડીસાથી આવેલ અરજીઓનું તૂટીકરણ તથા યોગ્ય સંકલન કરીને વિદ્યાર્થીઓ માટે ખાસ ઓનલાઈન વિડીયો કોન્ફરન્સ મારફતે ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં રૂપિયા ૨,૯૯,૦૦૦/=

એજ્યુકેશન સહાય માં ફાળવવામાં આવ્યા હતા. આરોગ્ય સહાય માટે ભારતભરમાંથી સૌરાષ્ટ્ર વિભાગમાંથી ભાવનગર, માણાવદર, ઉના, મોરબી, પોરબંદર, ગુજરાત વિભાગમાંથી અમદાવાદ -સુરત, મુંબઈ મહારાષ્ટ્ર વિભાગમાંથી મુંબઈ તેમજ નાસિક અને કચ્છ વિભાગમાંથી અંજારથી આવેલી અરજીઓનું તૂટિકરણ કરી સ્થાનિક મહાજન સાથે પરામર્શ કરીને વિડિયો કોન્ફરન્સ દ્વારા ઈન્ટરવ્યુ જરૂરિયાતમંદ પરિવારોને રૂપિયા ૪,૧૦,૦૦૦/= આરોગ્ય સહાય મંજુર કરવામા આવી.



તા. ૧૬ જુલાઈ, ૨૦૨૦ ના રોજ ભારતભરમાંથી આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી ભાવનગર(૧), સાવરકુંડલા(૧), જુનાગઢ(૧), રાજકોટ(૨) તેમજ ગુજરાત વિભાગમાંથી નડીઆદ-ખેડા(૧), અમદાવાદ (૧), મધ્યભારતમાંથી અમરાવતી(૧), આકોલા (૧) તેમજ કચ્છ વિભાગમાંથી અંજાર (૧) માંથી આવેલ અરજીઓનું વિદ્યાર્થીઓ માટે ખાસ ઓનલાઈન વિડીયો કોન્ફરન્સથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં રૂપિયા ૩,૪૯,૫૦૦/= ઉચ્ચ શિક્ષણ સહાયમાં ફાળવવામાં આવ્યા હતા.

તા. ૨૩ જુલાઈ, ૨૦૨૦ ના રોજ ઉચ્ચ શિક્ષણ સહાય માટે ભારતભરમાંથી આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી પોરબંદર (૨), છાંયા (૧), મીઠાપુર (૧), રાજકોટ(૨) તેમજ ગુજરાત

વિભાગમાંથી ડીસા(૧), વડોદરા (૧), મહારાષ્ટ્ર વિભાગમાંથી થાણા (૧), મુંબઈ (૧) તેમજ કચ્છ વિભાગમાંથી ભચાઉ (૧) અને આરોગ્ય માટે કચ્છમાંથી ભુજ તથા ગુજરાતના ભાભરથી આવેલ આરોગ્ય સહાયની અરજીઓનું ખાસ ઓનલાઈન વિડીયો કોન્ફરન્સથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જેમાં રૂપિયા ૪,૦૭,૭૫૦/= ઉચ્ચ શિક્ષણ સહાયમાં તથા રૂપિયા ૫૫,૦૦૦ આરોગ્ય સહાયમાં ફાળવવામાં આવ્યા હતા.


તા. ૩૧ જુલાઈ, ૨૦૨૦ ના રોજ ઉચ્ચ શિક્ષણ સહાય માટે આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી રાજકોટ(૧), ભાવનગર (૧), પોરબંદર (૧), છાંયા (૧),કેસોદ (૧), ભાટીયા (૧), વિસાવદર (૧), ઉના (૧) તેમજ ગુજરાત વિભાગમાંથી અમદાવાદ (૧) ની અરજીઓનું ઓનલાઈન વિડીયો કોન્ફરન્સથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા, જેમાં રૂપિયા ૨,૭૨,૭૦૦/=ફાળવવામાં આવ્યા હતા.

તા. ૧૦, ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ કુલ પાંચ લાખ નવ હજાર નવસો રૂપિયાની (રૂ. ૫,૦૯,૯૦૦/=) સહાય ઓનલાઈન માધ્યમથી વિડીયો કોન્ફરન્સ દ્વારા ઈન્ટરવ્યુ લઇ મંજુર કરવામા આવી. ઉચ્ચ શિક્ષણ સહાય માટે આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી રાજકોટ(૧), છાંયા (૧), કેસોદ (૧), ભાનવડ (૧), માણાવદર (૧) તેમજ ગુજરાત વિભાગમાંથી સુરત (૧), ભાભર (૧), અમદાવાદ (૧) તેમજ આરોગ્યમાં સૌરાષ્ટ્રમાંથી કેશોદ (૧), વિદર્ભ મધ્યભારતમાં અમરાવતી (૧) અને ગુજરાત વિભાગમાંથી અમદાવાદ (૧) ની અરજીઓનું ઓનલાઈન વિડીયો કોન્ફરન્સથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા, જેમાં એજ્યુકેશનમાં રૂ. ૨,૦૯,૯૦૦/= તથા આરોગ્યમાં રૂ. ૩,૦૦,૦૦૦/= ની સહાય ફાળવવામાં આવ્યા.

તા. ૨૪, ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ ઉચ્ચ શિક્ષણ સહાય માટે આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી રાજકોટ (૩), લાંબાબંદર પોરબંદર (૧), વેરાવળ (૧), ઉના (૧) તેમજ ગુજરાત વિભાગમાંથી અમદાવાદ (૧) અને આરોગ્યમાં સૌરાષ્ટ્રમાંથી ભાવનગર (૧), ગુજરાત વિભાગમાંથી અમદાવાદ (૧), ભાભર (૧), મહારાષ્ટ્ર વિભાગમાંથી મુંબઈ (૧), કચ્છ વિભાગમાંથી માધાપર (૧)ની અરજીઓનું ઓનલાઈન વિડીયો કોન્ફરન્સથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા, જેમાં એજ્યુકેશનમાં રૂ. ૧,૫૮,૧૦૦/= તથા આરોગ્યમાં રૂ. ૨,૫૫,૦૦૦/= ની સહાય ફાળવવામાં આવ્યા.

તા. ૫, સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ ઉચ્ચ શિક્ષણ સહાય માટે આવેલ સૌરાષ્ટ્ર વિભાગમાંથી રાજકોટ(૫), ધારી (૧) તેમજ દક્ષિણ ભારત વિભાગમાંથી ચેન્નાઇ (૧), મહારાષ્ટ્ર વિભાગમાંથી કલ્યાણ (૧) અને આરોગ્યમાં સૌરાષ્ટ્રમાંથી માંગરોળ (૧), ગુજરાત વિભાગમાંથી હારીજ (૧), અમદાવાદ (૧) અરજીઓનું ઓનલાઈન વિડીયો કોન્ફરન્સથી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા, જેમાં એજ્યુકેશનમાં રૂ. ૨,૬૯,૨૫૦/= તથા આરોગ્યમાં રૂ. ૧,૩૫,૦૦૦/= ની સહાય રકમ ફાળવવામાં આવી.

પ્રમુખ સેવક શ્રી પ્રવીણભાઈ કોટકના નેતૃત્વ હેઠળ શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા જુલાઈ માસમાં કુલ રૂ. ૧૭,૯૩,૯૫૦/= તેમજ ઓગસ્ટ માસમાં કુલ ૯,૨૩,૦૦૦/= ની સહાય ઓનલાઈન માધ્યમથી પહોંચાડવામાં આવી છે. આમ, માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની તા. ૧લી જુલાઇ, ૨૦૨૦ ના રોજ મળેલ (ઓનલાઇન ઝુમ એપ) કારોબારી બેઠકમાં થયેલ ઠરાવ મુજબ પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક તેમજ વર્તમાન ટીમને છ મહિનાનો જે એક્સ્ટેંશનનો સમય આપવામાં આવ્યો તે સમયનો સદુપયોગ કરતાં માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરીષદ દ્વારા લોકડાઉન પછી તા. ૧ જુલાઈ, ૨૦૨૦ થી તા. ૮ સપ્ટેમ્બર,૨૦૨૦ દરમિયાન કુલ રૂપિયા ૩૧,૨૧,૨૦૦/= (અંકે રૂપિયા એકત્રીસ લાખ એકવીસ હજાર બસો પુરા) ની સહાય જરૂરીયાતમંદ રઘુવંશી પરિવારો ને ચુકવવામાં આવી છે.



# પર્યાવરણ સમિતિ



શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા આજ રોજ તા.૩૦-૦૮-૨૦૨૦ ના દિવસે શ્રી જલારામ વૃક્ષ મંદિર, અમદાવાદ ખાતે પ્રકૃતિ વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વૃક્ષો નું પૂજન કરવામાં આવ્યું. આ નિમિતે લોહાણા મહાપરિષદ ના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક, ભાગવત વિદ્યાપીઠના શ્રી રામેશ્વર દાસજી હરિયાણી, મંત્રી શ્રી હરીશભાઈ બી. ઠક્કર, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, તેમજ શ્રી રઘુવીરભાઈ ગઢીયા, શ્રી સંજયભાઈ ઠક્કર, શ્રી ભવાનભાઈ કોટક તથા શ્રી જય ઠક્કર ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે ગાયત્રી પરિવાર ના શ્રી દિનેશભાઈ ઠક્કર તથા શ્રી મિસ્ત્રી કાકા એ હાજર રહી મંત્રોચ્ચાર સાથે વૃક્ષોનું પૂજન અર્ચન કરાવ્યું. તેમજ રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ ( RSS) ના શ્રી ઉદયભાઈ કાનાણી, શ્રી નરેન્દ્રભાઈ દેસાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં જોડાયા.

- કીરીટભાઈ ભિમાણી, અધ્યક્ષ - પર્યાવરણ સમિતિ

# શ્રદ્ધા સુમન

વૈશ્વિક મહામારી એવી કોરોના સમય માં ઘણા પરિવારો આ મહામારી નો સામનો કરી ને આ કપરો સમય પસાર કરી રહ્યા છે. આપણા ઘણા રઘુવંશી ભાઈ બહેન આ સમય માં સ્વર્ગ માં સિધાવી ગયા છે .સાથે સાથે સમગ્ર માનવજાત પણ કોરોના સામે ઝઝૂમી રહી છે, ભગવાન ની ઈચ્છા આગળ આપણે સૌ લાચાર છીએ એવા સમય માં આપણે સૌ સદ્દગત આત્મા ના સુખ શાંતિ માટે પ્રાર્થના કરીએ, તેઓશ્રીના પરિવાર ને ખૂબ જ સાંત્વના મળે તેવી પ્રાર્થના ......

આ સમય આપણે સૌ રઘુવંશી આપણા ઘરે રહીને દિવંગત સૌ આત્મા શ્રેયાર્થે બે મિનિટ મૌન પાળી પ્રભુ સ્મરણ કરી શ્રદ્ધાંજલિ અર્પીએ...

**ઉમંગ એચ. ઠક્કર**
ઉપપ્રમુખશ્રી

**પ્રવિણ ટી. કોટક**
પ્રમુખશ્રી

**હરીશ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા**
મંત્રીશ્રીઓ

**હિમંત કે. કોટક**
ખજાનચીશ્રી

**નિતિન જી. પાંધી**
ખજાનચીશ્રી

**તથા ટ્રસ્ટીગણ, હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા રઘુવંશી સમાજ**

RNI NO. : GUJ/GUJ/2011/44815
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th September 2020

7000 પરીવારોના અતુટ વિશ્વાસ બાદ
આપની વચ્ચે ફરી એકવાર....
"આપના આંગણે અમારૂ વધુ એક નવુ સોપાન"

અમદાવાદથી માત્ર 45 મીનીટના અંતરે...
રેસીડેન્સીયલ પ્લોટમાં રોકાણ કરવાની ઉત્તમ તક

# બાલાજી ઉપવન-૨

## માત્ર રૂા. 5999/- ના સરળ માસીક હપ્તે
## રોકડાનો ભાવ અલગથી રહેશે.

એક્ચુલ સાઇટ ફોટો



MAIN GATE | PARTY PLOT | SWIMMING POOL | CLUB HOUSE | SITE OFFICE
CLUB HOUSE RECEPTION | COMPOUND WALL | INTERNAL ROAD | THEME GARDEN | GUST ROOM

- 100 થી 1000 વારના પ્લોટ
- એન.એ. ટાઇટલ ક્લીયર
- સેલ્સ પાર્ટનર આવકાર્ય

પ્રથમ ડ્રો નું ઇનામ
ઓડી A3



સાઇટ એડ્રેસ : બાલાજી ઉપવન, બગોદરા-તારાપુર ૬ લાઇન હાઇવે, બગોદરા, જી.અમદાવાદ

ડેવલોપર્સ
બાલાજય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી.

બુકિંગ સંપર્ક
M: 99793 69999
M: 95749 19999

Printed and Published by PRAVIN T. KOTAK on behalf of SHREE LOHANA MAHAPARISHAD and Printed at Print Vision Private Limited, Print Vision House, Lane Opp Ashwamegh Elegance 2, Ambawadi Market Ahmedabad – 380 006 and published from Shree Lohana Mahaparishad, Iscon Mega Mall Besement, Near Iscon Temple, S.G Highway AHMEDABAD - 380 059
Editor – CHANDRAKANT J. TANNA.